# માઓવાદીઓનું એક વર્ષનું અઢીસો કરોડનું ભંડોળ

નવી દિલ્હી,તા. ૨૦

દેશના જુદા જુદા રાજ્યોમાં સક્રિય માઓવાદીઓની પ્રવૃત્તિ ઉપર અંકુશ મુકવાના તમામ પ્રયાસો ચાલી રહ્યા હોવા છતાં માઓવાદી હિંસાને કાબૂમાં લેવામાં તંત્રને હજુ સુધી સફળતા મળી નથી. માઓવાદીઓની પ્રવૃત્તિ દેશમાં મોટાપાયે ચાલી રહી છે. માઓવાદીઓનું પ્રભુત્વ ભારતના ૭૦૮ પોલીસ જિલ્લાઓ પૈકી ૨૦૩ની આસપાસમાં રહ્યો છે. ૯૦ જિલ્લાઓમાં માઓવાદીઓ લોકો અને પોલીસ જવાનોની નિયમિત ગાળામાં હત્યા કરી રહ્યા છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે માઓવાદીઓ મોટાપાયે ખંડણી પણ ઉઘરાવી રહ્યા છે. માઓવાદીઓ ખંડણી અને પ્રોટેક્શન રેકેટ મારફતે એક વર્ષમાં ૧૪૦થી ૨૫૦ કરોડ રૂપિયા ઊભા કરી રહ્યા છે. કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (માઓવાદીઓ) દ્વારા નાણાં એકત્રિત કરવાની પ્રક્રિયા જુદા જુદા માર્ગે ચાલી રહી છે. આ લોકો મોટાભાગે બિઝનેસ મેન, કોન્ટ્રાક્ટરોને ટાર્ગેટ બનાવે છે. આ ઉપરાંત સરકારી અધિકારીઓ અને રાજકીય નેતાઓને પણ ટાર્ગેટ બનાવે છે. માઓવાદીઓ મોટાભાગે માઈનીંગ ઈન્ડસ્ટ્રી, પબ્લિક વર્ગ અને અન્ય રીતે નાણાં એકત્રિત કરે છે.

આ વર્ષે જાન્યુઆરી મહિનામાં ઝારખંડમાં બોકારો રેન્જના પોલીસ અધિકારી એમએલ મીનાએ ગ્રામીણ વિસ્તારોમાં ગેરકાયદે માઈનીંગથી કોલસા લઈને જતી ટ્રકોને અટકાવી દેવાનો આદેશ કર્યો હતો. તેમના ચાર્જમાં આવતા વિસ્તારોમાં માઈનીંગની પ્રવૃત્તિ ઉપર અંકુશ મૂકવાના પ્રયાસો હાથ ધરાયા હતા.

ગેરકાયદે માઈનીંગ માઓવાદીઓ માટે આવકના મુખ્ય સાધન તરીકે છે. વર્ષ ૨૦૧૦માં ઈન્ટલિજન્સ બ્યુરોએ કહ્યું હતું કે ૧૫૦૦ કરોડની આસપાસની આવક ઊભી થયેલી છે. એક વર્ષ અગાઉ છત્તીસગઢ પોલીસના પૂર્વ વડા વિશ્વરાજને એવો અંદાજ મૂક્યો હતો કેમાઓવાદીઓનું બજેટ ૨૦૦૦ કરોડની આસપાસનું છે. જ્યારે મુખ્યમંત્રી રમણસિંહે થોડાક સમય પહેલાં જ બજેટ ૧૦૦૦-૧૨૦૦ની આસપાસ મૂક્યું હતું. વરિષ્ઠ સરકારી અધિકારીઓ પણ તેમના ઓપરેશનને અંકુશમાં લેવાના પ્રયાસ કરી ચૂક્યા છે. ખનીજ ભંડાળ ધરાવતા ઝારખંડમાં માઓવાદીઓ સૌથી વધુ પ્રમાણમાં નાણાં એકત્રિત કરે છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ ચોંકાવનાર અહેવાલ પ્રકાશિત કરાયા હતા.

## માઓવાદી રેવેન્યુ સિસ્ટમ

માઓવાદીઓ ખંડણી અને અન્ય રીતે દર વર્ષે કરોડોની રકમ ઊભી કરે છે. થોડાક સમય પહેલાં જ માઓવાદીઓનું બજેટ ૨૦૦૦ કરોડની આસપાસનું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. જ્યાં માઓવાદીઓ વર્ચસ્વ ધરાવે છે તે ત્રણ રાજ્યોમાં માઓવાદીઓની મહેસૂલી વ્યવસ્થા નીચે મુજબ છે.

### ઝારખંડ

ટાર્ગેટ : માઓવાદી પબ્લિક, પ્રાઈવેટ સેક્ટરના માઈન્ડ ઓપરેટરોને પ્રોટેક્શન આપવાના બદલે જંગી નાણાં મેળવે છે. વિકાસના પ્રોજેક્ટો ઉપર પણ પ્રોટેક્શનના નામે નાણાં એકત્રિત કરે છે. કોન્ટ્રાક્ટરો પ્રોપ્રાઈટસ મારફતે નાણાં એકત્રિત કરવામાં આવે છે. જુદી જુદી કમીટિઓ પાસે માણસો મોકલીને નાણાં એકત્રિત કરવામાં આવે છે. એક વર્ષમાં ૧૦૦ કરોડની આસપાસની રકમ ભેગી કરવામાં આવે છે તમ માનવામાં આવે છે.

### બિહાર

બિહારમાં રોડ બ્રીજ બિલ્ડીંગ કંપનીઓને મુખ્ય રીતે ટાર્ગેટ બનાવે છે. પ્રોજેક્ટ ખર્ચના ૩૦ ટકા સુધીની રકમ ચૂકવવા ફરજ પાડવામાં આવે છે. નાના બિઝનેસ ગૃહો પણ ભયના કારણે નાણાંની ચૂકવણી કરે છે. લોકલ યુનિટ વડા અને ઝોનલ કમાન્ડર મારફતે નાણાં એકત્રિત કરવામાં આવે છે. ૨૦૧૨-૧૩માં ૧૬ સૌથી વધુ ગ્રસ્ત જિલ્લાઓમાંથી ૧૨.૪૫ કરોડથી વધુની રકમ એકત્રિત કરાઈ હતી.

### છત્તીસગઢ

વન્ય પેદાશોનું મોટાપાયે દાણચોરી કરી લેવામાં આવે છે. ગેરકાયદે માઈન ઓપરેટર્સને ભયભીત કરીને તેમની પાસેથી પ્રોટેક્શન નાણાં મેળવવામાં આવે છે. કાયદાકીય કન્સ્ટ્રક્શન કંપનીઓ પણ ભયના કારણે નાણાં ચૂકવે છે. લોકલ કમાન્ડરો અને ટીમના સભ્યો નાણાં એકત્રિત કરે છે અને ખાતાઓ જાળવે છે. આ રીતે કેટલાક નાણાં મેળવવામાં આવે છે તે અંગેનો આંકડો મળી શક્યો નથી.

# ઉદ્ધવ ઠાકરે દ્વારા યુટર્ન : કોંગ્રેસ પાસે વિશ્વસનિય ઉમેદવાર નથી

નવી દિલ્હી,તા. ૨૦

શિવસેનાના વડા ઉદ્ધવ ઠાકરેએ કોંગ્રેસ પર આજે આકરા પ્રહારો કર્યા હતા અને કહ્યુ હતુકે કોંગ્રેસની પાસે કોઈ પણ વિશ્વસનીય ચહેરા નથી. સામાન્ય ચૂંટણી ૨૦૧૪ માટે ભાજપ તરફથી નરેન્દ્ર મોદીની ટીમ અને ૨૦ સમિતિઓની રચના કરવાની જાહેરાત કરવામાં આવ્યાના એક દિવસ બાદ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ હતુકે તેમની પાર્ટી વડાપ્રધાન અંગે નિર્ણય ભાજપના નિર્ણય બાદ કરશે. દિલ્હીના કોન્સ્ટિટ્યુશન ક્લબમાં આયોજિત એક પત્રકાર પરિષદમાં બોલતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યુ હતુકે સામાન્ય લોકો સરકારથી પરેશાન થઈ ચુકી છે. કેન્દ્રમાં હવે એનડીએની સરકાર બનશે. કોંગ્રેસમાં પીએમ પદ માટે



કોઈ પણવિશ્વસનીય ચહેરા નથી. જો કે ઉદ્ધવને મોદી અંગે પુછવામાં આવેલા પ્રશ્નોના જવાબ ટાળી રહ્યા હતા. પીએમ પદના ઉમેદવાર અંગે પ્રશ્નના જવાબમાં ઉદ્ધવે કહ્યુ હતુકે તેમની પાર્ટી ભાજપના નિર્ણય બાદ પોતાનું વલણ સ્પષ્ટ કરશે. ઉદ્ધવે કહ્યુ હતુ કે શિવસેના યોગ્ય પાસા પર ટૂંક સમય બાદ નિર્ણય કરશે. બીજી બાજુ ઉદ્ધવ ઠાકરેએ મોદીને શુભકામનાઓ પણ આપી હતી અને કહ્યુ હતુકે તમામ લોકો સાથે મળીને આગળ વધશે. એનડીએ સાથે જેડીયુ દ્વારા છેડો ફાડી લીધા બાદ એનડીએના કન્વિનર હોદ્દાથી શરદ યાદવના રાજીનામા બાદ આ હોદ્દો ખાલી થયેલો છે. આ સંબંધમાં પુછવામાં આવતા ઉદ્ધવે કહ્યુ હતુકે તેમની પાસે એનડીએના કન્વિનર બનવા માટે કોઈ દરખાસ્ત આવી નથી. જો આવનાર દિવસોમાં આવી કોઈ દરખાસ્ત આવશે તો તમામની સાથે વાતચીત કરીને નિર્ણય કરવામાં આવશે.

# દિલ્હીમાં ભારે વરસાદથી જનજીવન સંપૂર્ણ ખોરવાયુ

નવી દિલ્હી,તા. ૨૦

રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં આજે ભારે વરસાદ થયો હતો જેથી ચારે બાજુ ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. સંપત્તિને પણ નુકસાન થયુ છે. શહેરના નીચાણવાળા વિસ્તરોમાં પાણી ભરાઈ જતા જનજીવન સંપૂર્ણપણે ખોરવાયુ હતુ. કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદના કારણે ફ્લેટના નીચેના ભાગમાં પાણી ભરાઈ ગયા હતા. માત્ર એક કલાકમાં ભારે વરસાદ પડતા ચારેબાજુ અંધાધૂંધી સર્જાઈ હતી. ટ્રાફીક પર રહેલા સિગ્નલો પણ કામ કરવાનું બંધ કરી ચુક્યા હતા. શહેરના ઘણા ભાગોમાં વૃક્ષો ધરાશાયી થયા હતા. વિજપુરવઠો પણ ખોરવાઈ ગયો હતો. બમ્પર ટુ બમ્પર ટ્રાફીકની સ્થિતિ જોવા મળી હતી. આઈટીઓ, લક્ષ્મીનગર, મોતીબાગ, મુનેરકા, દ્વારકા, ધોળાકુવા જેવા વિસ્તારમાં ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. દક્ષિણ દિલ્હી, સાઉથ એક્સટેન્સન અને દિલ્હી જેવા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. લોકો ઘણી જગ્યાએ અટવાઈ પડ્યા હતા. વિઝિબિલીટી ખોરવાઈ ગઈ હતી. નોઈડામાં ખાનગી બેંકમાં કામ કરતા કેટલાક લોકોએ કહ્યુ હતુ કે તેમના આવાસથી અક્ષરધામ મેટ્રો સ્ટેશન સુધી પહોંચવા ૪૦ મિનિટ જેટલો સમય લાગ્યો હતો દરરોજ સામાન્યરીતે પાંચ મિનિટનો સમય લાગે છે. મળેલી માહિતી મુજબ અન્ય કેટલાક લોકોએ ઓટો માટે ૧૮૦ રૂપિયા સુધી ચુકવ્યા હતા. દિલ્હીમાં તૂટી પડેલા વરસાદના કારણે તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી. યોગ્ય આયોજન નહીં હોવાના લીધે ચારે બાજુ પાણી ભરાયા હતા.

# કાશ્મીરમાં કર્ફ્યુને કારણે બીજા દિવસે અમરનાથ યાત્રા સ્થગિત

શ્રીનગર, તા. ૨૦

કાશ્મીરમાં અનેક સ્થળો પર અને રામબન જીલ્લામાં જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ પર કર્ફ્યુ લાગી જવાને કારણે આજે બીજા દિવસે પણ અમરનાથની યાત્રા સ્થગિત રહી હતી. ગુલ વિસ્તારમાં ગોળીબાર થયો હોવાને કારણે તંગદીલી ભરી પરિસ્થિતિ ઉભી થઈ હતી. પરિણામે ત્યાં પણ કર્ફ્યુ લાગુ કરી દેવામાં આવ્યો છે.



સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે જમ્મુ સ્થિત આધાર શિબિરથી કાશ્મીર માટે તિર્થયાત્રીઓની નવી ટુકડીને પરવાનગી આપવામાં આવી નથી.

એક સત્તાવાર પ્રવક્તાએ ગઈકાલે રાત્રે જણાવ્યું હતું કે યાત્રા સ્થગિત કરવાનો નિર્ણય સાવચેતીનાં ભાગરૂપે લેવામાં આવ્યો છે. હાલની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને તેમજ રાજ્યનાં ઘણાં હિસ્સામાં કર્ફ્યુ લાગુ હોવાને કારણે અમરનાથની યાત્રા સ્થગિત રહેશે. દક્ષિણ કાશ્મીરનાં હિમાલયી ક્ષેત્રમાં આવેલ અમરનાથની ગુફામાં ૨.૫ લાખથી વધુ તિર્થયાત્રાળુઓ પવિત્ર શિવલિંગનાં દર્શન કર્યા છે.

જમ્મુ-કાશ્મીરનાં રામબન જીલ્લામાં બીએસએફએ કરેલા ગોળીબારમાં ચાર લોકો માર્યા ગયા હોવાની ઘટનાની વિરોધમાં અલગાવાદી સંગઠનોએ પ્રદર્શન રોકવાનાં હેતુસર કાશ્મીરનાં તમામ મુખ્ય કસબામાં આજે બીજા દિવસે પણ કર્ફ્યુ યથાવત રાખ્યો હતો. ઘાટના બાકીનાં વિસ્તારમાં નિષેધાજ્ઞા લાગુ કરાયેલ છે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું શ્રીનગર, બડગામ, ગંધેરબલ, બાંદીપુરા, શોપિયા, પુલવામા, કુલગામ, અનંતનાગ, બીજબહેડા, સોપોરમાં ગઈકાલે સવારે લાગુ કરાયેલો કર્ફ્યુ આજે પણ યથાવત છે. કાશ્મીરનાં બાકીનાં હિસ્સામાં ૧૪૦ની કલમ લાગુ કરી દેવામાં આવી છે. આ કલમ અનુસાર એક સ્થળ પર ચારથી વધુ વ્યક્તિ ભેગી થઈ શકે નહીં. આ દરમિયાન કર્ફ્યુવાળા વિસ્તારમાં વ્યાપેલી તંગદીલીને કારણે જમ્મુ-શ્રીનગર રાષ્ટ્રીય રાજમાર્ગ આજે ત્રીજા દિવસે પણ બંધ રહ્યો હતો. વાહનવ્યવહાર વિભાગનાં પ્રવક્તાએ જણાવ્યું હતું કે આગામી આદેશ ન મળે ત્યાં સુધી રાજમાર્ગ પર વાહનોની અવરજવર સ્થગિત રહેશે.

# પેન્ડીંગ રેલવે પ્રોજેક્ટોને હવે ઝડપથી અમલી કરવા તૈયારી

નવી દિલ્હી,તા. ૨૦

નાણાંકીય કટોકટીની સ્થિતિ વચ્ચે રેલવે પ્રધાન મલિકા અર્જુન ખરગેએ જણાવ્યું છે કે પેન્ડીંગ પડેલા પ્રોજેક્ટોને અમલી બનાવવામાં તેજી લાવવામાં નાણામંત્રાલય તરફથી જરૂરી ફંડ મળશે. વધુ ફંડ મળવાની આશા રેલવે મંત્રી દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. તેમણે કહ્યું છે કે જ્યારે ખર્ચ નહીં કરાયેલા ફંડની રકમ પડેલી રહેશે ત્યારે આ નાણાંકીય વર્ષના અંતે અમે નાણાંમંત્રાલયનો સંપર્ક કરીશું અને પેન્ડીંગ રહેલા પ્રોજેક્ટ પરિપૂર્ણ કરવા રેલવેને ફંડ આપવા માંગણી કરીશું. રેલવે મંત્રી આશાવાદી છે કે પેન્ડીંગ રહેલા પ્રોજેક્ટોને યોગ્ય નાણાં મળી ગયા બાદ ઝડપથી આગળ વધારી શકાશે. સરકારે હાલમાં જ ઉત્તર પૂર્વમાં પેન્ડીંગ રહેલા રેલવે પ્રોજેક્ટો માટે ૭૦૦ કરોડ રૂપિયા આપવાનો નિર્ણય કર્યો હતો. વડાપ્રધાન મનમોહનસિંહ દ્વારા પ્રદેશના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટોની સમીક્ષા કર્યા બાદ ઉત્તર પૂર્વમાં પેન્ડીંગ રહેલા પ્રોજેક્ટો માટે જંગી રકમ આપવાનો નિર્ણય કરાયો હતો. પ્રધાને નિર્ણય કર્યો છે કે રેલવે દ્વારા બે લાખ કરોડની કિંમતના અટવાયેલા પ્રોજેક્ટોમાં પ્રાથમિકતા નક્કી કરવામાં આવી રહી છે. પૂરતા ફંડના ટેકાથી ફાસ્ટ ટ્રેક ઉપર આ પ્રોજેક્ટોને મૂકવામાં આવશે. પ્રધાનની ટિપ્પણી એવા સમય ઉપર આવી છે જ્યારે વડાપ્રધાન મનમોહનસિંહે તાજેતરમાં અટવાઈ પડેલા રેલવે પ્રોજેક્ટોની ગતિને ઝડપી બનાવવા આંતર પ્રધાન ગ્રૂપની રચના કરી હતી. આ પેનલમાં પીએમઓ, રેલવે, નાણાંમંત્રાલય, આયોજનપંચના અધિકારીઓને સાથે રાખવામાં આવ્યા હતા. આ પેનલ મૂડીરોકાણને વધારવા ફાઈનાન્સ અને અમલીકરણના સંબંધમાં જરૂરી સૂચનો કરશે. પ્રાથમિકતાના આધાર ઉપર પ્રોજેક્ટોના બેકલોગને દૂર કરવાના પ્રયાસ કરવામાં આવશે. નરેગા વર્કફોર્સનો ઉપયોગ કરીને પાઈલોટ આધાર ઉપર એક પ્રોજેક્ટ શરૂ કરવાની યોજના પણ રેલવે ધરાવે છે. રેલવેની નરેગા હેઠળ ગ્રામીણ વિકાસ મંત્રાલય પાસે પણ વાતચીત ચાલી રહી છે. આમા નરેગાની સંપત્તિનો ઉપયોગ કરાય તેવી શક્યતા છે. બીજી બાજુ નાણામંત્રાલય અને આયોજનપંચ તેની પોતાની રીતે સંશાધનો ઉભા કરવા રેલવે ઉપર દબાણ લાવી રહ્યું છે. રેલવે પાસે પોતાની રીતે સંશાધનો ઊભા કરવા માટે ખૂબ ઓછા વિકલ્પ રહેલા છે. રેલવે મંત્રાલયે ખાતરી આપી છે કે જનરલ મેનેજર, ડિવિઝનલ રેલવે મેનેજરની ખાલી જગ્યાઓને ટૂંકમાં જ ભરવામાં આવશે. રેલવે બોર્ડમાં ચેરમેન અને સભ્યોની નિમણૂંક અટવાઈ પડી છે. કારણ કે એક કેસ સેન્ટ્રલ એડમીનીસ્ટેટીવ ટ્યુબ્યુનલ અને વિઝિલન્સમાં પેન્ડીંગ છે.

## વીજ ખાતર ક્ષેત્રો અર્થતંત્ર માટે આધાર સ્તંભ છે : સિંધિંયા

વીજ અને ખાતર ક્ષેત્રો અર્થતંત્રો માટે આધાર સ્તંભ છે અને કોઈ અન્ય ક્ષેત્રો અવગણના ન કરી શકે તેવું વીજ પ્રધાન જ્યોતિરાદિત્ય સિંધિંયાએ ઉર્જા કંપનીઓને ઈંધણ આપવા માટે યુરિયા એકમોને અપાતા ગેસના પુરવઠામાં કાપ મૂકવાની દરખાસ્તને ઉચ્ચ સત્તા ધરાવતી સમિતિએ નામંજૂર કરાયાના એક દિવસ બાદ જણાવ્યું કે તેમનું મંત્રાલય ગેસ આધારિત વીજ એકમોને ઈંધણ ઉપલબ્ધ કરવાની રૂપરેખા કરવા માટેની ઓઈલ અને ખાતર મંત્રાલય સાથે કાર્ય કરી રહ્યા છે.

ગેસ આધારિત અંદાજીત ૮૫૦૦ મેગાવોટની સ્થાપીત વીજ સર્જનની ઈંધણની બિન-ઉપલ્બધીને લીધે નિષ્ક્રીય છે. તાજેતરમાં ઉચ્ચ સત્તા ધરાવતી પ્રધાનોની સમિતિએ યુરિયા એકમને કુદરતી ગેસના પુરવઠામાં કાપ મુકવા અને વીજ કંપનીને ઈંધણ પૂરું પાડવાની દરખાસ્તને ફગાવી હતી. સિંધિંયાએ વધુમાં જણાવ્યું હતું કે, ખાતર અને વીજ બંને ક્ષેત્રો અર્થતંત્રો માટે આધાર સ્તંભ છે.

**હિંદુ નેતાઓ પર હુમલાનો દોર જારી**

# સાલેમમાં ભાજપ નેતાની ઘાતકી હત્યા

સાલેમ,તા. ૨૦

સાલેમમાં ભાજપના વરિષ્ઠ નેતા ૫૪ વર્ષીય વી રમેશની એક વણઓળખાયેલી ટોળકીએ ઘાતકી હત્યા કરી દીધી હોવાના અહેવાલ મળ્યા છે. શુક્રવારે મોડી રાત્રે સાલેમ શહેરમાં મારાવાનેરી વિસ્તારમાં તેમના આવાસ ઉપર આ ટોળકી ત્રાટકી હતી અને તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને તેમની હત્યા કરી દીધી હતી. સાલેમ શહેરના પોલીસના જણાવ્યા મુજબ આ બનાવ ગઈકાલે મોડી રાત્રે ૧૦ વાગ્યા બાદ બન્યો હતો. પક્ષના કાર્યકારોની મિટીંગને પૂર્ણ કરીને તેઓ ૧૦ વાગ્યાના આવાસ ઉપર તેઓ પરત ફર્યા હતા એ વેળા ખતરનાક હુમલાખોરો તેમના આવાસની સંકુલની પાછળ જ સંતાયેલા હતા. તેમણે તેમના ઉપર હુમલો કરી દીધો હતો. તેમની ગર્દન, માથા અને શરીરના અન્ય ભાગ ઉપર અનેક પ્રહારો ઘાતક હથિયાર સાથે કરવામાં આવ્યા હતા જેથી તેમનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું હતું. સાલેમના જિલ્લા જનરલ સેક્રેટરી આરપી ગોપીનાથે આ અંગેની માહિતી આપી છે. સાલેમ શહેરમાં ભાજપના કાર્યકરો બનાવની જાણ થયા બાદ ઘટના સ્થળે પહોંચ્યા હતા. પોલીસ સામે પણ દેખાવો કરવામાં આવ્યા હતા. વેલુરમાં અગાઉ પણ આવી જ રીતે એકની હત્યા કરવામાં આવી હતી. હવે ભાજપના કાર્યકરોને રક્ષણ આપવાની માંગણી પણ કરવામાં આવી છે. ભાજપના રાજ્ય પ્રમુખ રાધાકૃષ્ણને કહ્યું છે કે હિંદુ નેતાઓને ટાર્ગેટ બનાવવામાં આવી રહ્યા છે. કારણ કે રાજ્ય સરકાર આ હત્યા કેસોને ગંભીરતાથી લઈ રહી નથી. હિંદુત્વના મામલામાં હાલ જોરદાર હુમલાઓ થઈ રહ્યા છે. વર્ષ ૧૯૯૪માં હિંદુ મુન્નાની રાજ્ય પ્રમુખ રાજાગોપાલનની હત્યા બાદથી પ્રથમ હાઈપ્રોફાઈલ હિંદુત્વ નેતાની હત્યા કરવામાં આવી છે. રમેશ તામિલનાડુમાં ભાજપના બે વખત જનરલ સેક્રેટરી પણ હતા. હિંદુત્વ રૂઢીવાદી તરીકે તેમની છાપ હતી.

## સમાચાર ઝલક

- ♥ જમ્મુમાં ખાઇમાં બસ પલ્ટી ખાતા ૪નાં મોત.
- ♥ ગુડગાંવના જજ સામે દહેજનો કેસ દાખલ થયો.
- ♥ ગોવામાં પણ મિડ-ડે મિલ ભોજન લેતા ૨૨ બાળકો બિમાર.
- ♥ મુંબઇ-દિલ્હીમાં કેટલાક વિસ્તારોમાં ભારે વરસાદ.
- ♥ પાટણમાં દબાણ દૂર કરવાનાં મુદ્દે દંપત્તિએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો.
- ♥ કાશ્મીરમાં તોફાનો કર્ફ્યુથી અમરનાથ યાત્રા બીજા દિવસે રોકી, ગુજરાતીઓ ફસાયા.
- ♥ મથુરા-આગ્રા વચ્ચે રેલ્વેમાં હથિયારધારી લૂંટારાઓએ લૂંટ ચલાવી.
- ♥ અમેરિકામાં વસતા ભારતીયોને સંબોધશે અન્ના હજારે...
- ♥ અંકલેશ્વર પાસે કોસમડી ગામે ઘરનાં ૧૨ તાળાં તૂટ્યા.
- ♥ ભાવનગર-પાલીતાણા, સુરેન્દ્રનગરની બે નવી ટ્રેનો શરૂ થઇ.
- ♥ નર્મદા તથા ઉકાઇ બંધમાંથી પાણી છોડવામાં આવ્યું.
- ♥ નરોડા-કઠવાડા સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં ૧૫ બાળકો બિમાર, વાલીઓમાં રોષ.
- ♥ ચશ્માચોર મહિલાઓ અમદાવાદનાં પોલીસ સ્ટેશને હાજર થઇ.
- ♥ દેશની આર્થિક પરિસ્થિતિ અંગે સરકાર પગલાં લઇ રહી છે : વડાપ્રધાન
- ♥ ભોપાલમાં પરીક્ષા સમયે વિદ્યાર્થી પર પોલીસ બળનો ઉપયોગ.
- ♥ સલમાનખાનનો હિટ એન્ડ રન કેસનો ચુકાદો તા. ૨૪મી જુલાઇએ.
- ♥ પ્રિટી ઝીન્ટાને સર્વિસ ટેક્સ ૬ કરોડ ચુકવવા નોટીસ આપી.
- ♥ ઉત્તરપ્રદેશમાં હોમગાર્ડે યુવતીને જીવતી સળગાવી, ૪ આરોપીઓની ધરપકડ.

## રાહુલ ગાંધી અને પ્રિયંકા ૨ ૩મીએ અમેઠીમાં જશે

નવી દિલ્હી,તા. ૨૦

કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી ૨૩મી જુલાઈના દિવસે તેમના બહેન પ્રિયંકા ગાંધી વાઢેરા સાથે તેમના સંસદીય મત વિસ્તારની મુલાકાત લેશે. પક્ષના સૂત્રોએ આજે આ મુજબની માહિતી આપી હતી. રાહુલના સ્થાનિક પ્રતિનિધિ ચંદ્રકાંત દૂબેએ માહિતી આપતા કહ્યુ હતુકે બંને ભાઈ-બહેનો અમેઠીમાં બે દિવસ સુધી રોકાશે. કોંગ્રેસના ઉપપ્રમુખ પક્ષના હોદ્દેદારો સાથે સમિક્ષા બેઠક યોજશે. તેમના મત વિસ્તારમાં જુદા જુદા વિસ્તારમાં જઈને લોકો સાથે વાતચીત કરશે. રાહુલ ગાંધીની અમેઠીની યાત્રાને ખૂબજ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે કારણ કે એક બાજુ ભાજપે લોકસભાની ચૂંટણી પહેલા ઉત્તરપ્રદેશમાં પક્ષને મજબુત કરવા તમામ પ્રયાસો હાથ ધર્યા છે આના ભાગરૂપે ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપ ચૂંટણી પ્રચાર સમિતિના વડા નરેન્દ્ર મોદીએ આક્રમક વ્યૂહરચના તૈયાર કરી દીધી છે.

# લોકશાહીમાં વિશ્વાસ ૫૫ ટકાથી ઘટી ૪૭ ટકા થયો

નવી દિલ્હી,તા. ૨૦

તાજેતરમાં જ જારી કરવામાં આવેલા લોકશાહી અંગેના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે લોકશાહીમાં વિશ્વાસ છેલ્લા આઠ વર્ષમાં લોકોનો ઘટ્યો છે. લોકશાહીમાં વિશ્વાસ આઠ વર્ષમાં ૫૫ ટકાથી ઘટીને ૪૭ ટકા થઈ ગયો છે. ૨૦૦૫ બાદથી લોકોનો વિશ્વાસ લોકશાહીમાં સતત ઘટી રહ્યો છે. આના માટેના ઘણા કારણો જવાબદાર છે. શ્રીલંકા, નેપાળ અને ભારત જેવા દેશોમાં લોકશાહી વ્યવસ્થાને આવરી લઈને કરવામાં આવેલા સર્વે બાદ આ મુજબનો દાવો કરવામાં આવ્યો છે. પાકિસ્તાનમાં સર્વે આગામી થોડાક મહિનામાં હાથ ધરવામાં આવશે. સેકન્ડ સ્ટેટ ઓફ ડેમોક્રેશી ઈન સાઉથ એશિયા (એસડીએસએ)ના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ભારતમાં પણ લોકશાહીમાં લોકોનો વિશ્વાસ ખોરવાઈ ગયો છે. આ વર્ષની શરૂઆતમાં લોકનીતિ સેન્ટ્રલ ફોર સ્ટડી ઓફ ડેવલોપીંગ સોસાયટી (સીએસડીએસ) દ્વારા હાથ ધરવામાં આવેલા ભારતીય સર્વેમાં જાણવા મળ્યું છે કે લોકશાહીમાં માનનારોઓની સંખ્યા ઘટીને ૪૭ ટકા થઈ ગઈ છે જ્યારે અનિર્ણીત લોકોની સંખ્યા પણ છેલ્લા સર્વેમાં ૩૦ ટકાથી ઘટીને ૧૮ ટકા થઈ ગઈ છે. ભારતીય સર્વેના પરિણામે રાજકીય વૈજ્ઞાનિકો સંજય કુમાર, સંદીપ શાસ્ત્રી અને સુહાસ પાલશિખર દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. ૫૪૬૫ લોકોના મત લઈને ૨૨ રાજ્યોમાં સર્વેની કામગીરી હાથ ધરવામાં આવી હતી. સમાજના દરેક વર્ગના લોકોના મત આમા લેવામાં આવ્યા હતા. લઘુમતીઓના મત પણ આમા લેવામાં આવ્યા હતા. લઘુમતઓમાં પણ મોટાભાગના લોકોનો આત્મવિશ્વાસ ખોરવાઈ ગયો છે. બહુમતી સમુદાયમાં ૧૧ ટકા લોકો અન્ય પ્રકારની સરકારની તરફેણમાં છે. ૧૬ ટકા લોકો વાત કરવા ઈચ્છુક નથી. લઘુમતીઓમાં પણ આવી સ્થિતિ રહેલી છે. વિશ્વાસ જીતવા માટેના ઘણા પરિબળોને કારણરૂપ ગણવામાં આવ્યા છે.

## જીટી એક્સપ્રેસ ટ્રેનમાં ઉ.પ્રદેશમાં લૂંટ કરાઈ

લખનૌ,તા. ૨૦

ઉત્તરપ્રદેશમાં દિનપ્રતિદિન ગુનાઓનુંપ્રમાણ વધી રહ્યુ છે. હત્યા, બળાત્કાર અને લૂંટફાટની ઘટનાઓ સતત વધી રહી છે. આજે સવારે ચેન્નઈથી નવી દિલ્હી જતી ૧૨૬૧૫ ડાઉન જીટી એક્સપ્રેસમાં ઉત્તરપ્રદેસમાં આગરા અને મથુરા વચ્ચે અસામાજિક તત્ત્વો એરકન્ડીશન ડબ્બામાં ઘૂસી ગયા હતા અને યાત્રીઓ સાથે ખરાબ વર્તન કરીને લૂંટફાટ ચલાવી હતી. લૂંટફાટ કરનાર લોકો લૂંટ ચલાવ્યા બાદ ટ્રેનથી ઉતરીને ફરાર થઈ ગયા હતા. આ બનાવ બન્યા બાદ મથુરા રેલવે સ્ટેશન પર યાત્રીઓએ જોરદાર દેખાવો કર્યા હતા. રેલવે પોલીસના પ્રવક્તાએ જણાવ્યું છે કે ટ્રેન આગરાથી દિલ્હી માટે સવારે રવાના થઈ હતી ત્યારબાદ કિથમ અને ફરા વચ્ચે છ-સાત લોકો એરકન્ડીશન ડબ્બામાં ઘૂસી ગયા હતા. ટ્રેન જ્યારે મથુરા સ્ટેશન પહોંચી ત્યારે યાત્રીઓએ દેખાવો કર્યા હતા. પોલીસ સમગ્ર મામલામાં તપાસ કરી રહી છે.

**બિહાર મધ્યાહન ભોજન યોજના બનાવ**

# સ્કૂલના પ્રિન્સિપાલની સંપત્તિ ટૂંકમાં જપ્ત થશે

પટણા,તા. ૨૦

બિહારમાં મધ્યાહન ભોજન યોજના દરમિયાન સારન જિલ્લામાં એક સરકારી પ્રાથમિક સ્કૂલમાં ખોરાકી ઝેરથી ૨૩ બાળકોના મોત થયા બાદ આ સરકારી સ્કૂલના ફરાર થયેલા પ્રિન્સિપાલની સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. પ્રિન્સિપાલ મિણાદેવી છેલ્લા ઘણા દિવસથી ફરાર થયેલા છે. સરકારી તપાસ અહેવાલમાં બાળકોના મોત માટે તેમને જવાબદાર ઠેરવવામાં આવ્યા છે. મંગળવારના દિવસે મધ્યાહન ભોજન યોજના દરમિયાન ખોરાકી ઝેરની અસર થયા બાદ આ તમામ બાળકોના મોત થયા હતા.

રાજ્યની મધ્યાહન ભોજન યોજનાના ડિરેક્ટર એલ લક્ષ્મણનનું કહેવું છે કે આ સ્કૂલને વધુ સારા મિડ ડે મિલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની ખાતરી કરવાના હેતુસર નજીકની માધ્યમિક સ્કૂલ સાથે મર્જ કરી દેવામાં આવશે. સારનના પોલીસ અધિકારી સુજિતકુમારે કહ્યુ છે કે તેમના અંગે હજુ સુધી કોઈ માહિતી મળી નથી. બનાવ બન્યા બાદ મિણાદેવી ફરાર થઈ ગયા છે. વહીવટી તંત્રએ તેમની સંપત્તિ જપ્ત કરવાનો નિર્ણય કર્યો છે. તપાસ સમક્ષ ઉપસ્થિત થાય તેની ખાતરી કરવાનો હેતુસર તેમની સંપત્તિ જપ્ત કરવામાં આવનાર છે. બનાવમાં તપાસ કરી રહેલા જિલ્લા અધિકારીઓના જણાવ્યા મુજબ મિણાદેવીને તેલ ખરાબ હોવા છતાં તેનો ઉપયોગ કરવાની ફરજ પાડી હતી.

લક્ષ્મણનનું કહેવું છે કે સરકારે ભાડા ઉપર અને અન્યત્ર માળખા પર સ્કૂલ નહીં ચલાવવાનો નિર્ણય કર્યો છે. તમામ પ્રકારની રસોડાની સુવિધાના નવા યુનિટ સાથે આ સ્કૂલ ચલાવવામાં આવશે. સ્કૂલને શીફ્ટ કરવાનો નિર્ણય પણ કરવામાં આવી ચુક્યો છે કારણ કે સ્થાનિક લોકો ભારે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. વહીવટીતંત્રને સાવચેતીના તમામ પગલા લેવાની ફરજ પડી રહી છે.